

મુખ્યમંત્રી મહાનુભાવોની મુલાકાતે - રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી સોમવારે આખો દિવસ દિલ્હીમાં મહાનુભાવોની સૌજન્ય મુલાકાતે હતા... રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત લઈ માર્ગદર્શન અને આશીર્વાદ મેળવ્યા હતા... આ ઉપરાંત રક્ષામંત્રી રાજનાથસિંઘ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીયમંત્રી પુરુષોત્તમ રૂપાલાની પણ સૌજન્ય મુલાકાત લીધી હતી...

# આજથી સચિવાલયમાં મુલાકાતીઓને પ્રવેશ અપાશે

**કોવિડ-કોરોના વાયરસ સંક્રમણ સ્થિતીમાં સચિવાલયમાં મુલાકાતીઓ માટે બંધ કરાયેલી પ્રવેશ વ્યવસ્થા હળવી કરવાનો શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો જનહિત અભિગમ : ગેટ નં-૧ અને ગેટ નં-૪ પરથી પ્રવેશ પાસ દ્વારા નાગરિકોને પ્રવેશ અપાશે : કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઇડલાઇન SOPનું પાલન કરવા મુલાકાતીઓને અપિલ**

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકો, સામાન્ય પ્રજાજનો, મંત્રીશ્રીઓ, અધિકારીઓને પોતાના કામકાજ માટે સરળતાએ મળી શકે તેવા પ્રજાહિતકારી અભિગમથી નવા સચિવાલય સંકુલ, સ્વર્ણિમ સંકુલ-૧,૨ માં પ્રવેશ પાસ મેળવી મુલાકાતી પ્રવેશની પદ્ધતિ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાન્ય પ્રજાવર્ગો-નાગરિકો કોઈપણ હાલાકી વિના સરળતાએ મંત્રીશ્રીઓ, સરકારી અધિકારીઓને મળી શકે તેવા ઉદાત્ત ભાવથી આ નિર્ણય કરેલો છે.

મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્યના સામાન્ય વહિવટ વિભાગે આ અંગેની સૂચનાઓ જારી કરતા પરિપત્રમાં જણાવ્યું છે કે મંગળવાર તા.૨૧ સપ્ટેમ્બર-૨૦૨૧થી કામકાજના દિવસો દરમ્યાન નવા સચિવાલય સંકુલમાં રાબેતા મુજબ પ્રવેશ આપવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં કોરોના સંક્રમણના પરિણામે માર્ચ-૨૦૨૦થી નવા સચિવાલય સંકુલમાં મુલાકાતી પ્રવેશ પર મુકવામાં આવેલા આ નિયંત્રણો હવે કોરોના કેસોનું પ્રમાણ ઘટતાં દૂર કરવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, મંગળવાર તા.૨૧મી સપ્ટેમ્બરથી નવા સચિવાલયના ગેટ નં-૧ અને ગેટ નં-૪ મારફતે મુલાકાતીઓ-નાગરિકોને પ્રવેશ પાસ થકી પ્રવેશ આપવામાં આવશે. એટલું જ નહિ, પ્રવેશ મેળવનારા નાગરિકો-મુલાકાતીઓને માસ્ક/ફેઈસ કવર પહેરવા તેમજ કોરોના સંક્રમણ નિયંત્રણ અંગેની માર્ગદર્શિકા જીનું પાલન જાહેર હિતમાં કરવા પણ અપીલ કરવામાં આવી છે.

## વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષપદેથી ડૉ. નીમાબેન આચાર્યનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભા ગૃહના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમાયેલા ડૉ. નીમાબેન આચાર્યએ આજે અધ્યક્ષપદેથી રાજીનામુ આપતાં તે મંજૂર કરવામાં આવ્યુ છે. હાલ વિધાનસભાના અધ્યક્ષપદની જગ્યા ખાલી પડી હોવાનું જાહેરનામુ પણ રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

૨૭મીએ રાજ્ય વિધાનસભાના બે દિવસીય સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આ પદ ખાલી પડતાં રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ આગામી સત્રમાં રાજ્યને પ્રથમ મહિલા અધ્યક્ષ મળશે. જેમાં નીમાબેન આચાર્યની પસંદગી થશે તેવુ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યુ છે. જ્યારે ઉપાધ્યક્ષ પદ માટે જેઠાભાઈ ભરવાડનું નામ નિશ્ચિત મનાઈ રહ્યુ છે.

વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીનો રાજ્યમંત્રી મંડળમાં સમાવેશ કરાતાં તેમણે હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હતુ અને કાર્યકારી અધ્યક્ષ તરીકે નીમાબેન આચાર્યની નિમણુંક કરવામાં આવી હતી. કાર્યકારી

● અનુસંધાન પાન-૭ પર

## ગુડા વિસ્તારના માર્ગો પાટનગરની જેમ ચકાચક બનાવવા ૩૦ કરોડ ખર્ચાશે

**રાંદેસણ, કુડાસણ, કોબા, કુડાસણ પેથાપુર કોલવડા સહીતના વિસ્તારમાં માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૦

ગુડા વિસ્તારમાં પણ પાટનગરની જેમ માર્ગ નિર્માણનુ કામ હાથ ધરાશે. ગુડા તેમજ કોર્પોરેશન વિસ્તારમાં માર્ગ નિર્માણની કામગીરી આગામી મહીનામાં શરૂ કરી દેવાશે.રાંદેસણ , કુડાસણ, વાવોલ, પેથાપુર અને કોલવડા સહીતના વિસ્તારમાં અંદાજિત રૂ ૩૦ કરોડના ખર્ચ માર્ગોના નિર્માણનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગર કોર્પોરેશન તેમજ ગુડા વિસ્તારમાં પાટનગરની જેમ ચકાચક માર્ગો બનાવાશે. ગુડા વિસ્તારમાં નવ વિકસિત ટી પી વિસ્તારમા પણ વિકાસના નવા કામો હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જયારે પાણી, ગટર તેમજ સ્ટોર્મ વોટ લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરાતા ઠેર ઠેર મોટામસ ખાડા પડી ગયા છે. ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ નાંખવામાં આવી રહ્યા છે. જયારે ગ્રીન સીટીનો કન્સેપ્ટ ગુડા વિસ્તારમાં પણ જળવાઈ રહે તે માટે ગ્રીનરીનો વ્યાપ વધે તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જયારે કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગુડા વિસ્તારના ગામોમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય ઉથલપાથલનો પગલે કર્મયોગીઓમાં ડીએના મામલે ઉચાટ

ગાંધીનગર, તા. ૨૦

સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને ડીએના વધારા સાથેનો પગાર આ મહિને મળશે કે કેમ તે અંગે મુંઝવણ પેદા થઈ છે. ડીએના વધારાની જાહેરાત થઈ પરંતુ તેનો પરિપત્ર થાય તે પહેલા જ સરકારમાં ઉથલપાથલ સર્જાતા ડીએ વધારાનો પત્ર લટકી ગયો છે. સપ્ટેમ્બર મહિનાના પગાર બીલ બની રહ્યા છે ત્યારે પરિપત્ર ન થતાં હવે વધારો મળશે કે કેમ તે અંગે તર્ક-વિતર્કો થઈ રહ્યા છે.

કેન્દ્ર સરકારના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને ૧૧ ટકા ડીએ વધારાનો લાભ આપવાની જાહેરાત તત્કાલિન નાણાંમંત્રી નીતિન પટેલે કરી હતી. જાહેરાત થઈ ગઈ પરંતુ તે અંગેનો પરિપત્ર થાય તે પહેલા તો મુખ્યમંત્રી સહિતનુ આખુ મંત્રીમંડળ બદલાઈ ગયુ. નાણાંમંત્રી નવા આવ્યા. તેમણે હજુ હમણાં જ ચાર્જ સંભાળ્યો છે. આ આખી ગડમથલમાં દસ દિવસ વીતી ગયા. હજુ સુધી ડીએના વધારાનો પરિપત્ર ન થતાં સરકારી કર્મચારીઓ મુંઝવણમાં મુકાયા છે. ૧૧ ટકા વધારા સાથેના બીલો મોકલી આપવા ટ્રેઝરીએ જણાવ્યુ છે પરંતુ પરિપત્ર ન થતાં ઘણી સરકારી કચેરીઓએ વધારા વગરના પગાર બીલો બનાવવાની શરૂઆત કરી દીધી છે. સપ્ટેમ્બર મહિનાનો પગાર વધારા સાથે કેવી રીતે આપવો તેની ગડમથલ ઉભી થઈ છે. પરિપત્ર ન થતાં ડીએ મળશે કે કેમ તે અંગેની ચર્ચાઓ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોમાં થઈ રહી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૦૦ તાવના દર્દીઓ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે મેલેરિયા વિભાગની ટીમોએ સર્વેલન્સ દરમ્યાન ૧૫૦૦ જેટલા તાવના દર્દીઓ શોધી અને તેમના લોહીના નમૂના મેળવી તપાસ માટે મોકલી આપ્યા છે.

રાજ્ય સરકારની સૂચનાને પગલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સર્વેલન્સ અને પોરાનાશક કામગીરી અભિયાનરૂપમાં હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વિવિધ ટીમો દ્વારા ૬,૯૯,૦૬૮ વસ્તીનો આવરી લઈ ૧,૩૨,૯૧૩ ઘરોની તપાસ કરી હતી. આ દરમ્યાન આ ટીમોએ ૩,૨૦,૪૯૮ જેટલા જળસંગ્રહના પાત્રોની ચકાસણી કરી હતી. જેમાંથી ૩૧૭૩ જેટલા પાત્રોમાંથી પોરા મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો મળી આવ્યા છે. દહેગામ-માણસા અને

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લામાં હજુ વરસાદની ૪૦ ટકા ઘટ

**જિલ્લામાં મેઘ-મ્હેર યથાવત્ ચાલુ રહેતાં ખુશીનો માહોલ : દહેગામમાં બે કલાકમાં દોઢ ઇંચથી વધુ વરસાદ : ગાંધીનગર તાલુકામાં ૧૪ મી.મી. તો કલોલમાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં મેઘ-મ્હેર ચાલુ રહેવા પામી છે. જિલ્લાના દહેગામ તાલુકામાં આજે બે કલાકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં શહેર અને તાલુકામાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.

છેલ્લા ૧૦ દિવસથી જિલ્લામાં સતત વરસાદના હળવાથી મધ્યમ વરસાદના ઝાપટા થઈ રહ્યા છે. જો કે જિલ્લામાં હજુ પણ વરસાદની ઘટ ૪૬ ટકા જેટલી છે. જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાઓએ ખેતીને નવજીવન બક્ષ્યુ છે અને ખેડૂતો તેમજ લોકોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે આખો દિવસ ઝરમર ઝરમર વરસાદ નોંધાયો હતો. સાંજે ૬ વાગ્યા સુધીમાં ગાંધીનગરમાં ૧૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદ થતાં શહેર તેમજ તાલુકામાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને તેની સીધી અસરો વાહન-વ્યવહાર પર પડી હતી.

કલોલ તાલુકામાં પણ આજે બપોર પછી સાંજના ૬ સુધીમાં ૧૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં મેઘ-મ્હેર ૨૨મી સુધી રહેશે તેવુ હવામાન વિભાગના સૂત્રોનું કહેવુ છે. જો કે હાલ થઈ રહેલા વરસાદને જોતાં હજુ પણ વધુ સારો વરસાદ આગામી દિવસોમાં થશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

ગાંધીનગર જિલ્લો રાજ્યમાં ૪૦ ટકાથી વધુ ઘટ ધરાવતો જિલ્લાઓમાં આવે છે. જિલ્લામાં હજુ પણ ૪૬ ટકા વરસાદની ઘટ છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં ચોમાસાની સિઝનનો ૪૪૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં દહેગામ તાલુકામાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૩૮૧ મી.મી., ગાંધીનગરમાં ૩૩૩ મી.મી., કલોલમાં ૫૭૨ મી.મી. અને માણસામાં ૪૮૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જે સિઝનના ૫૭.૫૭ ટકા જેટલો થવા જાય છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે.

# શહેરમાં રવિવારે મોડીરાત્રે દોઢ ઈંચ વરસાદ

**ઠેર ઠેર પાણી ભરાયા : છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં બે ઇંચ વરસાદથી કોમન પ્લોટમાં જળબંબાકાર : આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો : સવારે પણ વરસાદી વાયરો યથાવત વાતાવરણમાં ઠંડક**



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરમાં ગઈકાલે રાત્રિના મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. મોડીરાત્રે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તુટી પડયો હતો વિજચમકારા સાથે રાત્રિના સમયે મેઘરાજાએ મહેર કરતા સવારના સમયે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. સેકટરોના કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે આજે પણ દિવસ દરમિયાન અંદાજિત અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં બે ઈંચ વરસાદ વરસતા ચોમેર વરસાદી પાણી ભરાયેલા જોવા મળ્યા હતા.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદના હળવા ભારે ઝાપટા વરસતા ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. સેકટરોમાં વરસાદી ઝાપટાના અંતે ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળે છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદી ઝાપટના અંતે પણ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધુ જોવા મળે છે. જયારે ગઈકાલે મોડી રાત્રે મેઘરાજા મુડમાં આવી જતા દોઢ ઈંચ પાણી વરસાવી દીધુ હતુ. રાત્રિના સમયે વિજચમકારા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના લીધે સકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. સવારના સમયે વાતાવરણમાં અનોખી ઠંડક પ્રસરી હતી.સેકટરોના કોમન પ્લોટમાં જાણે તળાવ અસ્તિત્વમાં આવ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી. સવારે પણ વરસાદી વાયરો યથાવત રહ્યો હતો.

વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદના છાંટણા પડયા હતા જયારે બપોરના સમયે પણ વરસાદી ઝાપટાના લીધે સેકટરોના આંતરિક માર્ગો પરથી ઓસરી ગયેલા વરસાદી પાણી પાછા ઉભરાયા હતા. વરસાદના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે સિઝનનો અત્યાર સુધીનો વરસાદ અંદાજિત ૧૪ ઈંચ જેટલો થયો છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## જિલ્લા પંચાયતમાં ૧૧ને બઢતી અને ૪ની બદલીના હૂકમો જારી કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ તેમજ સિનિયર ક્લાર્કની બઢતીના હૂકમો તેમજ બદલીના હૂકમો થતાં કર્મચારી આલમમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૬ સિનીયર ક્લાર્કને નાયબ ચીટનીસ તરીકે બઢતી આપવામાં આવી છે તેમાં એમ.કે. દવે, એ.એચ. શુકલ, આર.એન. પરમાર, વી.એ. પટેલ, એચ.જે. પટેલ, આર.એન. પરમારનો સમાવેશ થાય છે.

પાંચ જુનિયર ક્લાર્કને સિનીયર ક્લાર્ક તરીકે બઢતી આપવામાં આવી છે તેમાં બી.આર. ઠાકોર, શ્રીમતિ એસ.આર. દેસાઈ, ડી.એમ. ગોહિલ, વી.એલ. નિમ્બાર્ક, બી.ડી. ચૌધરીનો સમાવેશ થાય છે.

આ અગિયારે કર્મચારીઓને બદલી પણ બઢતી સાથે આપવામાં આવી છે.

પંચાયતમાં આજે બે સિનીયર ક્લાર્ક ડી.કે. પટેલ અને ઈમરાન મહેતાની બદલીના હૂકમો પણ કર્યા છે. આ ઉપરાંત બે નાયબ ચીટનીસ એન.ડી. પટેલ અને આર.બી. ચૌહાણની બદલીના હૂકમો પણ કર્યા છે.

જિલ્લામાં અગાઉ નવ ગ્રામસેવકોને વિસ્તરણ અધિકારી તરીકે બઢતી આપતા હૂકમો કરાયા હતા આ પછી અન્ય સંવર્ગમાં બદલી બઢતીના હૂકમોની કર્મચારીઓ રાહ જોતા હતા જે આજે હૂકમો થતાં કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com